**CR EN-2/2026**

**–: આંક–૧ નીચે હુકમ :–**

(૧) સદર ઈન્કવાયરી નામદાર કોર્ટ ધ્વારા તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ દાખલ લેવામાં આવેલ છે. ફરીયાદ તથા ફરીયાદીનું વેરીફીકેશન વંચાણે લીધુ. સદરહુ ફરીયાદમાં ફરીયાદી ધ્વારા આરોપી અત્રેની અદાલતના જયુરીડીરીકશન બહાર રહેતા હોવાનુ જણાવવામાં આવેલ છે. જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટના મોર્ડન ડેનીમ લીમીટેડ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૫ (૨) જી.એલ.આર.૧૯૮૪ ના ચુકાદા મુજબ તેમજ નામદાર સુપ્રિમકોર્ટ ના સુઓ મોટો રીટ પીટીશન (ક્રિમીનલ) નં.૨/૨૦૨૦ ના તા.૧૬/૦૪/૨૦૨૧ ના ચુકાદામાં જણાવ્યા મુજબ આરોપી જયારે જયુરીડીકશન બહાર રહેતા હોઈ ત્યારે બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૫ મુજબ કોર્ટ ઈન્કવાયરી કરવી જરૂરી છે. જે સંજોગોમાં ઉપરોકત ચુકાદા મુજબ સદર કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૫ મુજબ ફરીયાદ કોર્ટ ઈન્કવાયરીમાં રાખવાનો હુકમ કરવામાં આવેલો.

(૨) આજરોજ ફરીયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા. રેકર્ડ વંચાણે લીધુ. આજરોજ ફરીયાદીના વિ.વ.શ્રીએ હાજર રહી મારી સમક્ષ રજુઆત કરેલ છે કે, સદર કામનો વ્યવહાર ચુડામાં બનેલ અને સદર કામના વ્યવહાર બાબતે જે ચેક આપેલ તે ચેક ચુડા તાલુકાની બેંકમાં જમા કરવામાં

આવેલ છે. આમ સદર વ્યવહાર ચુડા તાલુકાની હદમાં બનેલ હોવાની રજુઆત કરવામાં આવેલ છે તેમજ તે હકીકત સોગંદ ઉપર પણ જણાવેલી છે. અત્રેની અદાલત ધ્વારા નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદા મુજબ સદરહુ કેસ ઈન્કવાયરીમાં રાખેલો હોઈ તેમજ ફરીયાદીની રજુઆત તથા સાહેદની સોગંદ પરની જુબાની ધ્યાને લેતાં સદરહુ ફરીયાદમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના તત્વોનો સમાવેશ થતો આરોપીને નોટીસ બજતા હાજર રહેલ હોય અને તેઓની સામે ખોટો કેસ કરેલ હોવાની રજુઆત કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે ચેક રીટર્ન મેમોમાં ફરીયાદીના બદલે અન્ય વ્યકિતનું નામ લખેલ છે જે ચેક રીટર્ન મેમોના આધારે સદર ફરીયાદ દાખલ લઈ શકાય નહી. જેના વળતા જવાબ સ્વરુપે  આજરોજ માર્ક ૬/૧ થી ફરીયાદી ધવારા બેન્ક ધવારા આપવામાં આવેલ સર્ટીફીકેટ રજુ કરેલ છે. જે સર્ટીફીકેટને અત્રેની કોર્ટ ધવારા ફરીયાદીને મંજુરી આપી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. જે અનુસંધાને આરોપીના વિધ્વાન વકીલશ્રી ધવારા દલીલ કરવામાં આવેલ છે કે ઈન્કવારીના કામે ફરીયાદીને વધુ દસ્તાવેજ રજુ કરવા પરવાનગી આપી શકાય નહી અને આ સર્ટીફીકેટ રેકર્ડ ઉપર લઈ શકાય નહી અને ફરીયાદીની ફરીયાદ દાખલ લઈ શકાય નહી જેના સમર્થનમાં તેઓએ નરેશ પોટ્રીસ વિ. આરતી ઈન્ડસ્ટ્રીસ તથા જયોતીન્દ્ર મોતીભાઈ ઠકકર વિ. ગુજરાત સરકારના ચુકાદાઓ ઉપર આધાર રાખવામાં આવેલ છે.

(૩) સદર તપાસ કેસનું રેકર્ડ જોતા તથા બી.એન.એસ.એસ.ની કલમ–૩૪૮ ના પ્રાવધાનો ધ્યાને લેતાં ઈન્કવારીના તબકકે પણ અત્ર ેની કોર્ટને ન્યાયના હીતમાં વધુ પુરાવો રેકર્ડ ઉપર લેવાની સતા હોય તેમજ સમગ્ર હકીકત એકસાથે વંચાણે લેતાં એસ.બી.આઈ. બેન્ક ધ્વારા ફરીયાદીના નામમાં ટાઈપોગ્રાફીકલ ભુલ થયેલાનું માર્ક ૬/૧ વાળા દસ્તાવેજથી સ્પષ્ટ જણાતું હોય તથા ઈન્કવારીના કામે રજુ અન્ય દસ્તાવેજો પુરાવો ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય કેસ બનતો જણાતો હોય સદર કેસ સંપુર્ણ ટ્રાયલ ચલાવી બન્ને પક્ષે પુરાવો તથા તમામ હકીકતોને રકર્ડ પર આવવી જરુરી હોય અને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ ચાલવો જરુરી હોય જેથી હાલની કોર્ટ ઈન્કવાયરી પુરી કરી આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવા જેટલો પુરાવો જણાઈ આવતો હોય તથા સદર કામ ઈન્કવારીના સ્ટેજે હોય નામદાર ઉચ્ચ અદાલત ધ્વારા ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાં ત હાલના કેસના સંજોગો જોતા લાગુ પડી શકે નહી જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

➢ હાલની કોર્ટ ઈન્કવાયરી નં.૦૨/૨૦૨૬ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

➢ આથી એવો હુકમ કરવામાં આવે છે કે, સદરહું ઈન્કવાયરીને ક્રિમીનલ કેસ નંબર પાડી ક્રિમીનલ કેસ રજીસ્ટરે લેવી. તેમજ

CR EN-2/2026

આરોપીને તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તારીખ–૦૮ મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૮–૦૬–૨૦૨૬ (પ્રદિપકુમાર રામસિંહ ચંપાવત)

ચુડા. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ચુડા.

[યુ.આઈ.સી.નં.જીજે૦૧૫૬૬]